પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૦૩ | ૨૨ જુન, ૨૦૧૮, શુક્રવાર; નિજ. જેઠ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**મોબાઈલ ફાટવાથી સીઈઓનુ મોત**

મલેશિયાના દામનસારામાં એક મોબાઈલ ફોન ફાટવાથી નાણાંકીય સંસ્થા ક્રેડલ ફંડના સીઈઓ નાઝરીન હસનનુ મૃત્યુ થયુ છે. મોબાઈલના ચાર્જીંગ દરમ્યાન ધડાકો થતાં આ ઘટના બની હતી.

**અસમના ૧૩ અધિકારીઓ સસ્પેન્ડ**

અસમ પ્રદેશ લોક સેવા આયોગમાં પૈસાના બદલે નોકરી આપવાના કૌભાંડમાં સામેલ ૧૩ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવાયા છે. આ કૌભાંડમાં અત્યાર સુધી ૩૫ અધિકારીઓની ધરપકડ કરાઈ છે.

**પૂર્વ પ્રધાનમંત્રીની તબીયત સુધારા પર**

પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપાઈની તબીયત સુધારા પર છે. ટૂંક સમયમાં એમ્સમાંથી તેમને ડિસ્ચાર્જ કરાશે.

**જમ્મુ-કાશ્મીર બીજેપીના અધ્યક્ષને ધમકી**

જમ્મુ-કાશ્મીર ભાજપના અધ્યક્ષ રવીન્દ્ર રૈનાને જાનથી મારી નાંખવાની ધમકીઓ મળી રહી છે. જો કે તેઓએ આ બાબતે હજુ સુધી પોલીસ ફરિયાદ નોંધાવી નથી.

**કમલહસન-સોનિયા ગાંધી વચ્ચે મુલાકાત**

અભિનયમાંથી રાજનીતિમાં પદાર્પણ કરનાર જાણીતા અભિનેતા કમલહસને કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ તેઓ સોનિયા ગાંધીને પણ મળ્યા હતા. તેઓએ તામિલનાડુની રાજનીતિક પરિસ્થિતિ વિશે ચર્ચા કરી હતી.

# સમગ્ર દેશ યોગના રંગે રંગાયો

**નરેન્દ્ર મોદી સહિત કરોડો દ્વારા યોગાસન : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ૫૧ હજાર લોકો યોગમાં જોડાયા : તમામ ભાગોમાં યોગ સાધનાના શાનદાર અને ભવ્ય કાર્યક્રમમાં લોકો ઉત્સાહ સાથે જોડાયા**



દહેરાદુન,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક આંતરરાષ્ટ્રીય યોગા દિવસનું આજે નેતૃત્વ કર્યું હતું. મોદીએ પોતે ઉત્તારાખંડના દહેરાદુન ખાતે ૫૧ હજારથી વધુ લોકોની સાથે ઉત્સાહપૂર્વક યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મોદી યોગ કાર્યક્રમ વેળા તમામ લોકોની વચ્ચે યોગ પ્રક્રિયા કરતા દેખાયા હતા. કાર્યક્રમ બાદ તરત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હી માટે રવાના થયા હતા. સવારે સાત વાગે યોગાસન શરૂ કરતા પહેલા મોદીએ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને શુભેચ્છા પાઠવી હતી. મોદીએ કહ્યુ હતુ કે આજે દહેરાદુનથી લઈને ડબલિન સુધી અને શંઘાઈથી શિકાગો સુધી તમામ લોકો યોગ કરી રહ્યા છે. ચારેબાજુ યોગ જ યોગ છે.યોગ સમગ્ર દુનિયાને જોડે છે. વડાપ્રધાને કહ્યુ હતુ કે દુનિયાભરમાં આજે સુર્યોદય થતાની સાથે જ યોગની શરૂઆત થઈ ગઈ છે. યોગ સમાજને જોડવાનુ કામ કરે છે. આઈટીબીપીના જવાનોએ ૧૯૦૦૦ ફુટની ઉંચાઈએ સ્થિત વિસ્તારમાં યોગ કરીને ગર્વની લાગણી ફેલાવી દીધી હતી. લડાખમાં જવાનો યોગા કરતા દેખાયા હતા. મોદી યુવાનોની વચ્ચે યોગ કરતા નજરે પડ્યા હતા. ભારતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે ૧૯૧ દેશોનું નેતૃત્વ કર્યું હતુ. આજે સવારે મોદી પોતે પણ યોગાસન કરવા માટે બેસી ગયા હતા. આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પરિપૂર્ણ કરી લેવામાં આવી હતી. મુખ્ય કાર્યક્રમ દહેરાદુનમાં યોજાયો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ઉપસ્થિત રહ્યા હતા અને યોગાસન

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં અલગાવવાદી નેતાની અટકાયત

**કાશ્મીર લિબ્રેશન ફ્રન્ટના પ્રમુખ યાસીન મલિકની ધરપકડ કર્યા બાદ હુર્રિયત કોન્ફરન્સના મીરવાઈઝ ઉંમર ફારુકને પણ નજરકેદ કરવામાં આવ્યા**

શ્રીનગર, તા. ૨૧

જમ્મુ કાશ્મીરમાં અલગતાવાદી પર કઠોર કાર્યવાહી વધારી દેવામાં આવી છે. આ શ્રેણીમાં જમ્મુ કાશ્મીર લિબ્રેશન ફ્રન્ટ (જેકેએલએફ)ના પ્રમુખ યાસીન મલિકની ધરપકડ કર્યા બાદ હુર્રિયત કોન્ફરન્સના મીરવાઈઝ ઉંમર ફારુકને પણ નજરકેદ કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મીરવાઈઝ હુર્રિયત કોન્ફરન્સ નરમાઈ વર્તાવાવાળા અધ્યક્ષ છે. અલગતાવાદી નેતાઓએ ખીણમાં વિરોધ પ્રદર્શનું નેતૃત્વ રોકવા માટે આ પગલા ઉઠાવાયા છે. જમ્મુ કાશ્મીરમાં બુધવારથી જ રાજ્યપાલ શાસન લાદી દેવામાં આવ્યું છે. મંગળવારે ભાજપે જમ્મુ કાશ્મીર સરકારમાંથી ટેકો પાછો ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો. પોલીસના એક અધિકારીએ કહ્યું હતુ કે, મલિકને ગુરુવાર સવારે તેમના મૈસૂમા સ્થિત આવાસથી ધરપકડ કરવામાં આવી હતી. મલિકને કોઠીબાગ સ્થિત પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે. હુર્રિયત કોન્ફરન્સના કટ્ટરપંથી અધ્યક્ષ સૈયદ અલી શાહ ગિલાનીને નજરકેદ હેઠળ રાખવામાં આવ્યા છે. સામાન્ય લોકોની સુરક્ષા દળોની ગોળીબારીમાં મોત અને વરિષ્ઠ પત્રકાર સુજાત બુખારીની હત્યાના વિરોધમાં અલગતાવાદીઓએ

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીર ભાજપના અધ્યક્ષ રૈનાને હત્યા કરવાની ધમકી

**કેટલાક સમયથી ધમકી મળી રહી હોવાનો ખુલાસો : જમ્મુ કાશ્મીર ભાજપ અધ્યક્ષ રવિન્દ્ર રૈનાની મહેબુબા સરકારમાંથી ટેકો પાછો ખેંચી લેવામાં મહત્વની ભૂમિકા**

જમ્મુ, તા. ૨૧

જમ્મુ કાશ્મીરમાં પીડીપી-ભાજપ ગઠબંધનનો અંત આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં રાજ્યપાલ શાસન ગઈકાલે લાદી દેવામાં આવ્યું હતું. જમ્મુ કાશ્મીર ભાજપ અધ્યક્ષ રવિન્દ્ર રૈનાને આતંકવાદીઓ તરફથી હત્યા કરવાની ધમકી આપવામાં આવી હોવાનો કેસ સપાટી ઉપર આવ્યો છે. ભાજપ નેતાને ધમકી એવા સમયે આપવામાં આવી છે જ્યારે રાજ્યમાં રાજકીય સ્થિતિ ખુબ જ ગંભીર બન્યા છે અને તેમની પાર્ટી દ્વારા સરકારમાંથી ટેકો પાછો ખેંચી લેવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## બિહારમાં નીતિશ કુમાર યોગ દિવસના કાર્યક્રમમાં હાજર ન રહ્યા


**જેડીયુના નેતાઓએ પણ યોગ કાર્યક્રમમાં સામેલ થવાનું ટાળ્યું : જેડીયુ નેતાઓ સામેલ ના થાય તેના પર વિવાદ નિરર્થક છે : સુશીલ કુમાર મોદી**

પટના,તા.૨૦

૨૧ જૂનના સમગ્ર દુનિયામાં વિશ્વ યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે બિહારમાં સરકારના સંગઠના સહયોગી દળ જેડી(યુ) આ વખતે યોગ દિવસના કાર્યક્રમમાં સામેલ નહીં થતા અનેક તર્કવિતર્ક વહેતા થયા છે.

જેડીયુએ આ વર્ષે વિશ્વ યોગ દિવસથી દૂર રહેવાનો નિર્ણય કર્યો છે. જેને પગલે પટનામાં યોગ દિવસ નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરાયું હોવા છતાં

● અનુસંધાન પાન-૭ પર




## કોટામાં ૨.૫ લાખ લોકો સાથે યોગ કરીને બાબા રામદેવનો વર્લ્ડ રેકોર્ડ




કોટા,તા.૨૦

રાજસ્થાનના કોટા શહેરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે મુખ્યપ્રધાન વસુંધરા રાજે અને યોગગુરુ બાબા રામદેવની હાજરીમાં ૨.૫૦ લાખ લોકોએ એક સાથે યોગાસનો કરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અત્રે ત્રણ દિવસીય રાજ્યસ્તરિય યોગ શિબિરનો મુખ્ય સમારોહ આજે આરએસી ગ્રાઉન્ડમાં યોજવામાં આવ્યો હતો.

અત્યાર સુધી એક જ સ્થળે સૌથી વધુ લોકોના યોગ કરવાનો રેકોર્ડ મૈસૂરના નામે હતો. ગઈ સાલ મૈસૂરમાં એક સાથે ૫૫,૫૦૬ લોકોએ યોગાસનો કર્યાં હતાં.

આ સમારોહમાં યોગગુરુ બાબા રામદેવે યોગાસનો કરાવ્યાં હતાં. તેમની સાથે લાખો લોકોએ યોગાસનો કર્યાં હતાં. આ દરમિયાન મુખ્યપ્રધાન વસુંધરા રાજેએ પણ મંચ પર બાબા રામદેવ સાથે યોગાસનો કર્યાં હતાં. આ અગાઉ કાર્યક્રમમાં પહોંચેલા સીએમ વસુંધરા રાજેએ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણના આશીર્વાદ લીધા હતા ત્યાર બાદ આચાર્ય બાલકૃષ્ણએ શૌર્યનાં પ્રતીક તરીકે તલવાર ભેટ આપી હતી.

ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માટે પાંચ સ્તરે યોગ કાર્યક્રમમાં ભાગ લેનારા લોકોની ગણતરી થઈ હતી. આ માટે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમ ખાસ લંડનથી આવી હતી. ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના બે જજ લંડનથી ખાસ કોટા આવ્યા હતા.




## ભાજપ આતંકી સંગઠન, જે પ્રજાને અંદરો અંદર લડાવે છે : મમતા

કોલકાત્તા,તા.૨૦

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ વધુ એક વખત ભાજપ માટે તીખા શબ્દોનો પ્રયોગ કર્યો છે. તેમણે ભાજપને આતંકી સંગઠન ગણાવતા જણાવ્યું કે તેમની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ ભાજપ જેવું આતંકી સંગઠન નથી જે લોકોને લડાવવાનું કામ કરે છે. તેમણે એમ પણ જણાવ્યું કે ભાજપનું કામ હિન્દુ અને મુસલમાનો વચ્ચે ભંગાળ પાડવાનું નહીં પરંતુ હિન્દુઓ વચ્ચે જ લડાઈ કરાવવાનું કામ છે.

પશ્ચિમ બંગાળમાં એક કાર્યક્રમ દરમિયાન મમતાએ આ નિવેદન કર્યુંહતું. મમતા એ જમાવ્યું કે અમે ભાજપ જેવા આતંકી સંગઠન નથી જે લોકોને લડાવવાનું કામ કરે છે. ભાજપ ખ્રિસ્તીઓ અને મુસલમાનોને જ નહીં પરંતુ હિન્દુઓને પણ અંદરોઅંદર લડાવવાનું કામ કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે અગાઉ અનેકવાર પશ્ચિમ બંગાળના સીએમે કેન્દ્ર

**પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાનના ભાજપ પર આકરા પ્રહારો**

સરકારની આકરી ઝાટકણી કાઢી હતી. મમતાએ આ પૂર્વે ભાજપ અને આરએસએસ પર સીધા સવાલો ઉઠાવ્યા છે. પશ્ચિમ બંગાળમાં રામનવમીના નિકળલી શોભાયાત્રામાં હથિયારો સાથે બજરંગ દળના પ્રદર્શન પર તેમણે જણાવ્યું હતું કે ક્યારેય ભગવાન રામને હથિયાર સાથે જોયા છે. એક વખત મમતા બેનરજીએ એમ પણ જણાવ્યું હતું કે, જો કેન્દ્ર સરકાર પશ્ચિમ બંગાળને નિશાન બનાવશે તો તેમનું નિશાન લાલ કિલ્લો હશે.

## પાન કાર્ડ આધાર સાથે લિન્ક કરાવવાનો અંતિમ દિન ૩૦ જૂન

ન્યુ દિલ્હી,તા.૨૦

પાન કાર્ડ સૌથી મહત્વના દસ્તાવેજો પૈકીનું એક છે. ઈક્મટેક્સ ભરવાથી માંડીને કોઈ પણ સરકારી ઓફિસમાં પાન કાર્ડ ઓળખ માટે માન્ય દસ્તાવેજ ગમઆય છે.પણ સરકારે એક એવો નિર્ણય લીધો છે જેના કારણે ૩૦ જુન પછી તમારુ પાન કાર્ડ કચરાપેટીમાં ફેંકી દેવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

આ સ્થિતિ એવા લોકો માટે સર્જાઈ શકે છે જેમણે પોતાનુ પાન કાર્ડ આધાર સાથે લિંક ના કરાવ્યુ હોય.સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ પાન કાર્ડ સાથે આધાર કાર્ડને લિંક કરવાની તારીખ ચાર વખત વધારી છે. હવે આ માટેની સમય મર્યાદા ૩૦ જૂન રખાઈ છે. જો આ સમય મર્યાદા ના વધારાય અને ત્યાં સુધીમાં કોઈએ પાન કાર્ડ લિંક નહીં કરાવ્યુ હોય તો ભવિષ્યમાં તમે તકલીફમાં મુકાઈ શકો છે.

